ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૪૧.૦° સે. | ૨૫.૦° સે. |
| બારડોલી | ૪૧.૦° સે. | ૨૩.૦° સે. |
| ભરૂચ | ૪૧.૦° સે. | ૨૫.૦° સે. |
| વ્યારા | ૪૧.૦° સે. | ૨૩.૦° સે. |



## વ્યારા પાલિકા, જિલ્લા અને તા.પં.ની 187 બેઠક પર 503 ઉમેદવાર ચૂંટણી લડશે

**ભાજપ,** કોંગ્રેસ, આમ આદમી પાર્ટીના ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે

વ્યારાઃ તાપી જિલ્લા પંચાયત સહિત વ્યારા નગર પાલિકા અને જિલ્લાના કુલ 8 તાલુકા પંચાયતની 134 બેઠક પૈકી નિઝર તાલુકાની સરવાળા બેઠક પર ભાજપનાં ઉમેદવાર સોનલ પાડવી બિનહરીફ થતાં કુલ 187 બેઠક પર ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટીના ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. તાપી જિ.પં.ની 26 જિ.પં. સીટ અને જિલ્લાના 8 તાલુકામાં 133 તાલુકા પંચાયત પર મુખ્યત્વે કોંગ્રેસ, ભાજપ અને આપના ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો જંગ જામશે. જ્યારે વ્યારા નગર પાલિકામાં કેટલાક વોર્ડમાં ભાજપ કોંગ્રેસ, જ્યારે કેટલાક વોર્ડમાં ભાજપ અને આપના તેમજ અપક્ષ ઉમેદવાર વચ્ચે સીધી ટક્કર થશે. ગતરોજ ફોર્મ પરત ખેંચવાના દિવસે નિઝરમાં સરવાળા સીટ પરથી કોંગ્રેસી ઉમેદવારે ફોર્મ ખેંચતાં ભાજપ બિનહરીફ થયું હતું. નિઝર તા.પં. માંથી કુલ 4 અને કુકરમુંડા તાલુકામાં 1 ઉમેદવારે ફોર્મ ખેંચ્યું હતું.

### વ્યારા નગરપાલિકામાં કોણ ચૂંટણી લડશે

વોર્ડ નંબર : 1

| ક્રમ | ઉમેદવારનું નામ | પક્ષ |
|---|---|---|
| 1 | અનિલ ગામીત | ભાજપ |
| 2 | ધવલ ભારતી | કોંગ્રેસ |
| 3 | મુશરદ કુરેશી | ભાજપ |
| 4 | રમેશ વારલેકર | આપ |
| 5 | શ્વેતા ગામીત | ભાજપ |
| 6 | સંગીતા ગોસાઇ | કોંગ્રેસ |
| 7 | હેતલ ભદાણે | ભાજપ |
| 8 | હેમેન્દ્રકુમાર ગામીત | કોંગ્રેસ |
| 9 | નીતિન ગામીત | અપક્ષ |
| 10 | નિતુલકુમાર ગામીત | અપક્ષ |

વોર્ડ નંબર : 2

| ક્રમ | ઉમેદવારનું નામ | પક્ષ |
|---|---|---|
| 1 | આશિષ ગામીત | ભાજપ |
| 2 | ઉવેશ મુલતાની | આપ |
| 3 | ચેતન પારેખ | ભાજપ |
| 4 | જીતુ ગામીત | કોંગ્રેસ |
| 5 | નિમેશ શાહ | કોંગ્રેસ |
| 6 | ભારતી આહિરે | કોંગ્રેસ |
| 7 | માધવી જોષી | ભાજપ |

વોર્ડ નંબર : 3

| ક્રમ | ઉમેદવારનું નામ | પક્ષ |
|---|---|---|
| 1 | અનિશ ચૌધરી | ભાજપ |
| 2 | નિલાબેન પંડ્યા | ભાજપ |
| 3 | પ્રિયા પટેલ | ભાજપ |
| 4 | મયુર પંચાલ | કોંગ્રેસ |
| 5 | મીતાબેન પટેલ | કોંગ્રેસ |
| 6 | વીણાબેન પટેલ | કોંગ્રેસ |
| 7 | સિદ્ધાર્થ લુહાર | ભાજપ |

વોર્ડ નંબર : 4

| ક્રમ | ઉમેદવારનું નામ | પક્ષ |
|---|---|---|
| 1 | આશિષ ગામેતી | આપ |
| 2 | કલ્પેશ ઢોડિયા | ભાજપ |
| 3 | ગુંજનકુમાર ઢીમર | ભાજપ |
| 4 | જોનિલ ગામીત | કોંગ્રેસ |
| 5 | તારાબેન ઢોડિયા | આપ |
| 6 | નીતિન પંચાલ | આપ |
| 7 | પારૂબેન ગામીત | ભાજપ |
| 8 | ભગવતી પટેલ | કોંગ્રેસ |
| 9 | રાજેન્દ્ર પંચાલ | કોંગ્રેસ |
| 10 | રીના પટેલ | ભાજપ |
| 11 | વૈશાલી ઢોડિયા | કોંગ્રેસ |
| 12 | શ્વેતા રાણા | આપ |

વોર્ડ નંબર : 6

| ક્રમ | ઉમેદવારનું નામ | પક્ષ |
|---|---|---|
| 1 | કન્હાઈકુમાર ચૌધરી | કોંગ્રેસ |
| 2 | કૈલાશબેન પટની | કોંગ્રેસ |
| 2 | તેજસ પંચાલ | ભાજપ |
| 4 | દિપ્તીબેન શાહ | ભાજપ |
| 5 | રાકેશ ચૌધરી | ભાજપ |
| 6 | સેજલ રાણા | ભાજપ |
| 7 | સંજય રાણા | કોંગ્રેસ |

## તાપી જિ.પં.ના ઉપપ્રમુખની ભાજપમાંથી હકાલપટ્ટી

વ્યારાઃ તાપી જિલ્લા પોલીસનાં ઉપ પ્રમુખ અર્જુન ચૌધરીએ વ્યારાની ઉંચામાળા જિલ્લા પંચાયત સીટ માટે ટિકિટ માંગી હતી. જો કે, ભાજપે ઉંચામાળા ગામના પૂર્વ સરપંચ શૈલેષ ચૌધરીને ટિકિટ આપતાં વ્યારા તાલુકાના સરપંચ એસોસિએશનના પૂર્વ પ્રમુખ અને તાપી જિ.પં.ના ઉપપ્રમુખ અર્જુન ચૌધરીએ ઉંચામાળા જિ.પં.સીટ પર અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. ઉપરાંત વ્યારા તા.પં.ની 19 ઉંચામાળા 1 તા.પં. સીટ પર શર્મિલા ગામીત તેમજ વ્યારા તા.પં. પ્રમુખ જશુબેન ગામીતે બેડકૂવાદૂર તા.પં.સીટ પર પક્ષના મેન્ડેટ વિરુદ્ધ જઈ અપક્ષ ઉમેદવારી કરતાં જિલ્લા ભાજપ પ્રમુખ સૂરજ વસાવાએ તાત્કાલિક અસરથી અર્જુન ચૌધરી સહિત શર્મિલા ગામીત અને જશુ ગામીતને ભાજપમાંથી 6 વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધાં હતાં. જેને લઈને તાપી જિલ્લામાં રાજકારણ ગરમાયું છે.

### વાલોડ ચૂંટણી: ભાજપ, કોંગ્રેસ અને આપ ટકરાશે

| બેઠક | ઉમેદવાર | પક્ષ |
|---|---|---|
| વેડછી | ભાવેશ ચૌધરી | કોંગ્રેસ |
| | મહેન્દ્ર ગામિત | આપ |
| | સંજીવ પટેલ | ભાજપ |
| વાલોડ-3 | અંકિત પટેલ | કોંગ્રેસ |
| | કિંજલ ભાવસાર | આપ |
| | રાજેશ્વરી ઠાકોર | ભાજપ |
| વાલોડ-2 | એસ્ટેરબેન ચૌધરી | અપક્ષ |
| | ધીરેન ગામીત | ભાજપ |
| | રાજીવ ચૌધરી | આપ |
| વાલોડ-1 | ગીરીશ હળપતિ | ભાજપ |
| | નિતેશ ચૌધરી | અપક્ષ |
| | રાવસિંગ ચૌધરી | આપ |
| | વિજયા નાઇક | કોંગ્રેસ |
| સ્યાદલા | કૌશિકા ચૌધરી | આપ |
| | દિવ્યા હળપતિ | કોંગ્રેસ |
| | વિભૂતિ હળપતિ | ભાજપ |
| શીકેર | ભાનુ રાઠોડ | કોંગ્રેસ |
| | રેશમા રાઠોડ | ભાજપ |
| રાનવેરી | કેતન ચૌધરી | અપક્ષ |
| | શિવાની ચૌધરી | ભાજપ |
| | હાર્દિક ચૌધરી | કોંગ્રેસ |
| | પ્રફુલ ગામીત | અપક્ષ |
| કમાલછોડ | કૌશિકા ચૌધરી | આપ |
| | મેહુલ ચૌધરી | ભાજપ |
| | સુનીલ ચૌધરી | કોંગ્રેસ |
| કલમકુઇ | કંકુબેન ચૌધરી | કોંગ્રેસ |
| | મયૂરી ચૌધરી | આપ |
| | સુધા ગામીત | ભાજપ |
| દેગામા | અનિતા આહીર | કોંગ્રેસ |
| | અરુણા વઘીયારા | આપ |
| | જ્યોત્સના આહીર | ભાજપ |
| બેડકૂવા | અંબા ચૌધરી | ભાજપ |
| | દીપ્તિ ચૌધરી | કોંગ્રેસ |
| | વિદુબેન ચૌધરી | આપ |
| અલગટ | કુસુમ રાઠોડ | ભાજપ |
| | જયના માહ્યાવંશી | કોંગ્રેસ |
| અંધાત્રી | કરુણા ચૌધરી | કોંગ્રેસ |
| | મીનાબેન ચૌધરી | ભાજપ |
| બુહારી | અંજલિ રાઠોડ | ભાજપ |
| | જિજ્ઞાશા ભંડારી | આપ |
| | દિવ્યા ગામીત | કોંગ્રેસ |
| ગોલણ | નિમેશ ભંડારી | આપ |
| | નિલેશ પટેલ | કોંગ્રેસ |
| | પરિમલ આહીર | ભાજપ |
| મોરદેવી | જોસેફ ગામીત | ભાજપ |
| | પ્રિયલ ગામીત | અપક્ષ |
| | સુનીલા ચૌધરી | આપ |
| | હિમાંશુ રાઠોડ | કોંગ્રેસ |
| | કેવસિંગ ચૌધરી | અપક્ષ |

## મોસાલી તા.પં.નાં કોંગ્રેસી ઉમેદવાર ગૌતમીબેને ફોર્મ ખેંચ્યું

વાંકલઃ માંગરોળ તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ત્રિકોણીય જંગ જામ્યો હતો. તેમાં ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે કોસંબા જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર સુશીલાબેન વસાવા અને મોસાલી તાલુકા પંચાયતના ગૌતમીબેને ઉમેદવારીપત્રકો પરત ખેંચી લીધા હતા.

## કડોદ-2 બેઠક પર ભાજપ બિનહરીફ

બારડોલી : બારડોલી તાલુકા પંચાયતની કુલ 22 બેઠકો પૈકી કડોદ-2 બેઠક પર ભાજપનો બિનહરીફ વિજય નિશ્ચિત થયો છે. આ બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર હેતલબેન અનિલભાઈ ચૌધરીએ અચાનક જ પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લેતાં રાજકીય ગલિયારાઓમાં ખળભળાટ મચી ગયો છે. આ સાથે જ ભાજપની ઉમેદવાર જાગૃતિબેન હળપતિ બિનહરીફ વિજેતા થયા હતા. જ્યારે હેતલબેન મામલતદાર કચેરી ખાતે પોતાનું ફોર્મ પરત ખેંચવા પહોંચ્યાં હતાં, ત્યારે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી તરુણ વાઘેલા પણ ત્યાં દોડી આવ્યા હતા. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે ભાજપ દ્વારા ઉમેદવારને ધાકધમકી આપીને જબરદસ્તીથી ફોર્મ ખેંચાવવામાં આવ્યું છે. આ સમયે બારડોલી તાલુકા ભાજપ મહામંત્રી જીતેન્દ્ર વાંસીયા ઉમેદવારની સાથે જોવા મળતા મામલો વધુ બિચક્યો હતો. મામલતદાર કચેરીના પ્રાંગણમાં જ બંને પક્ષના નેતાઓ સામસામે આવી ગયા હતા. જીતેન્દ્ર વાંસીયા અને તરુણ વાઘેલા વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ચકમક ઝરતા સમગ્ર તાલુકા સેવાસદનનું વાતાવરણ તંગ બની ગયું હતું. કોંગ્રેસે ભાજપ પર સત્તાના જોરે લોકશાહીનું હનન કરવાનો અને ઉમેદવારને ડરાવી-ધમકાવીને મેદાનમાંથી હટાવવાનો આક્ષેપ લગાવ્યો છે.

## સુરત જિલ્લાની ૪ નગરપાલિકાનું ચિત્ર સ્પષ્ટ, ૨૪૩ ઉમેદવાર મેદાને

**બારડોલી**, કડોદરા, માંડવી અને તરસાડી નગરપાલિકાની ૧૧૬ બેઠક માટે જંગ જામશે

**બાબેન** બેઠકના કોંગ્રેસ ઉમેદવારને ધમકી મળતાં મામલો ગરમાયો

### ફોર્મ પરત નહીં ખેંચો તો રહેવું ભારે પડશે

બારડોલી તાલુકા પંચાયતની બાબેન-૨ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર શિવરામ પંડિતભાઈ જાદવે બારડોલી પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી ગંભીર આક્ષેપો કર્યા છે. ફરિયાદ મુજબ, જ્યારે તેઓ ઘરે હતા ત્યારે ભાવેશભાઈ નગીનભાઈ પટેલ (બાબેન), જીતેન્દ્ર વાંસિયા (બારડોલી), હેમાંશુ પટેલ (મોટી ફળોદ), અને ડો.કૌશલ પટેલ (તેન) તેમના ઘરે ઘસી આવ્યા હતા. આ શખ્સોએ તેમને ધમકી આપી હતી કે જો તેઓ કોંગ્રેસના ઉમેદવાર તરીકે ફોર્મ પરત નહીં ખેંચે તો તેમને બાબેન ગામમાં રહેવું ભારે પડી જશે. શિવરામ જાદવે પોતાની અરજીમાં જણાવ્યું છે કે, આ ધમકીઓને કારણે તેમનો પરિવાર અને નાના બાળકો ખૂબ જ ગભરાઈ ગયાં છે.

બારડોલીઃ સુરત જિલ્લાની નગરપાલિકાઓની ચૂંટણી નિર્ણાયક તબક્કે પહોંચી ગઈ છે. ફોર્મ ચકાસણી અને ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસ બાદ જિલ્લાની ૪ નગરપાલિકાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. બારડોલી, કડોદરા, માંડવી અને તરસાડી નગરપાલિકાની કુલ ૧૧૬ બેઠકો પર કુલ ૨૪૩ ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ જામશે. બારડોલી પાલિકાના કુલ ૯ વોર્ડની બેઠક માટે શરૂઆતમાં ૧૨૨ ફોર્મ ભરાયાં હતાં. જેમાંથી ૩૭ ફોર્મ રદ થયાં અને ૪ ઉમેદવારે નામ પરત ખેંચ્યા અને ૨ બેઠક બિનહરીફ થતાં હવે ૭૯ ઉમેદવાર વચ્ચે મુકાબલો થશે. કડોદરા નગરપાલિકાના કુલ ૭ વોર્ડ માટે ૧૦૭ ફોર્મ ભરાયાં હતાં, જેમાં ૩૬ ફોર્મ રદ થયા અને ૨ ફોર્મ પરત ખેંચાતાં હવે ૬૯ ઉમેદવાર મેદાનમાં છે. માંડવી નગરપાલિકાના ૬ વોર્ડની બેઠકો માટે કુલ ૬૯ ફોર્મ ભરાયાં હતાં. ૧૯ ફોર્મ રદ અને ૧ ફોર્મ પરત ખેંચ્યા અને ૧ બેઠક બિનહરીફ થતાં અંતે ૪૮ ઉમેદવાર વચ્ચે જંગ જામશે. તરસાડી નગરપાલિકાના ૭ વોર્ડ માટે ૭૮ ફોર્મ ભરાયાં હતાં, જેમાંથી ૩૧ ફોર્મ રદ થતાં હવે ૪૭ ઉમેદવાર ચૂંટણી લડશે.

બારડોલીની બાબેન જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકો હાલમાં સમગ્ર જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બની છે. ભાજપ દ્વારા કોંગ્રેસના મહિલા ઉમેદવાર વંદનાબેન શિવરામ જાદવ અને તેમના પતિ શિવરામ પંડિત જાદવ પર ફોર્મ પરત ખેંચવા માટે ભારે દબાણ કરવામાં આવ્યું હોવાના આક્ષેપો ઊઠ્યા છે. આ ઘટનાને પગલે કોંગ્રેસનું મોવડી મંડળ તાત્કાલિક એક્શનમાં આવ્યું હતું. પ્રદેશ મહામંત્રી તરુણ વાઘેલા સ્વયં ઉમેદવારના ઘરે પહોંચ્યા હતા અને દંપતીને સુરક્ષિત રીતે તાલુકા સેવાસદન ખાતે લઈ આવ્યા હતા.

મામલતદાર સમક્ષ રજૂઆત કરતી વખતે જિલ્લા પંચાયતના ઉમેદવાર વંદનાબેન અત્યંત ભાવુક થઈ ગયા હતા અને તેમની આંખોમાં આંસુ આવી ગયાં હતાં. તેમણે ભારે હૈયે પ્રશ્ન કર્યો હતો કે, શું અમારા જેવા સામાન્ય માણસોથી ચૂંટણી લડી જ નહીં શકાય? તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપના નેતાઓ દ્વારા તેમને ધાકધમકી આપવાની સાથે સાથે પૈસાની ઓફરો પણ કરવામાં આવી હતી.

## કામરેજ તાલુકા પંચાયતની ડુંગરા અને સેવણી બેઠક બિનહરીફ

**કોંગ્રેસમાં** આંતરિક વિખવાદને લઈ ઘણા ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચી લીધી

કામરેજઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ફોર્મ ખેંચવાના અંતિમ દિને કામરેજ તાલુકા પંચાયતની બે બેઠક બિનહરીફ થઈ છે. જ્યારે કામરેજ-2 તાલુકા પંચાયત બેઠકના ભાજપના ઉમેદવારે પોતાની ઉમેદવારી પરત ખેંચી લીધી હતી.

કામરેજ તાલુકા પંચાયતની 20 બેઠક તેમજ જિલ્લા પંચાયતની ચાર બેઠક માટે ઉમેદવારી કરવામાં આવી હતી. ઉમેદવારી પરત ખેંચવાના અંતિમ દિને કામરેજ તાલુકા પંચાયતની ડુંગરા બેઠક પર ડુંગરા ગામના પંચાયત સભ્ય એવા ભાજપનાં ઉમેદવાર સીમાબેન જયેશભાઈ પટેલ અને સેવણી બેઠક પરના વિશાલસિંહ દિલીપસિંહ દેસાઈની બિનહરીફ વરણી થઈ છે. જ્યારે કામરેજ-2 બેઠક પરથી ભાજપમાંથી ગીર ગઢડાના આદિવાસીનો દરજ્જો મેળવનાર ભરત શામળાએ ઉમેદવારી કરતાં સ્થાનિક આદિવાસીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

જેને લઈ અંતિમ દિને ભરત શામળા પાસે ઉમેદવારી પરત ખેંચાવી લેવામાં આવી હતી. હવે આપમાંથી શારદાબેન કસવાલા અને કોંગ્રેસમાંથી સુક્કર રાઠોડ વચ્ચે ચૂંટણી જંગ જામશે.

તો બીજી તરફ આંબોલી બેઠક પર ભાજપમાંથી વિનય રાઠોડ, કોંગ્રેસમાંથી હરેશ રાઠોડ અને આપમાંથી રમીલાબેન નાયકા, દિગસ બેઠક પરથી ભાજપમાંથી અમિતાબેન પટેલ અને કોંગ્રેસમાંથી અમીતાબેન સોલંકી, કામરેજ-1 બેઠક પરથી ભાજપમાંથી માજી જિલ્લા પંચાયત સભ્ય સુમનબેન રાઠોડ, આપમાંથી ઉમિયાબેન વેકરિયા, ખોલવડ-1માં ભાજપમાં રેખાબેન રાઠોડ, કોંગ્રેસમાં નયનાબેન રાઠવા, આપમાં મનીષાબેન નાકરાણી, ખોલવડ-2માં ભાજપમાં અરુણાબેન વસાવા, કોંગ્રેસમાં મધુબેન વસાવા, આપમાં કૈલાસબેન વાડોદરીયા, નવી પારડીમાં ભાજપમાં સોનલબેન પટેલ, કોંગ્રેસમાં આયુશ્રી પરમાર, શેખપુરમાં કિશોર દુધાત, કોંગ્રેસમાં પ્રવીણ પટેલ, આપમાં ચેતન પટેલ, ઉંભેળમાં ભાજપમાં જશ પટેલ અને આપમાં ગુલાબસિંહ વસાવા, વિહાણમાં ભાજપના માજી મહામંત્રી હિરેન પટેલ, કોંગ્રેસમાં રાજેશ રાઠોડ, આપમાં ભંગડ ગામીત તેમજ અપક્ષમાં વિમલ વશી, વાવમાં માજી તાલુકા પંચાયત સભ્ય કિશોર માહ્યાવંશી, આપમાં કેયુર પટેલ, કોસમાડામાં ભાજપમાં રાગીણીબેન દેસાઈ અને આપમાં પુનિતાબેન જાલંધરા, નવાગામ-1માં ભાજપમાં કૌશલ પટેલ, આપમાં સંજય રાદડિયા, નવાગામ-2માં ભાજપમાં માજી સરપંચ કલાબેન રાઠોડ, કોંગ્રેસમાં બબીતાબેન વસાવા, જોખામાં જિનલબેન પટેલ, કોંગ્રેસમાં શિલ્પાબેન વઘાસીયા, આપમાં રમીલાબેન મેવાડા, હલધરૂમાં ભાજપમાં હરેશ પ્રજાપતિ, કોંગ્રેસમાં માજી તાલુકા પ્રમુખ ભગવાન ભરવાડે ઉમેદવારી કરી છે.

જ્યારે જિલ્લા પંચાયત કામરેજ બેઠક પર ભાજપમાં મહેશ સોલંકી, કોંગ્રેસમાં વિવેક પરમાર, આપમાં ગીરીશ પરમાર અને અપક્ષ કિશોર કંથારીયા, ખોલવડ જિલ્લા પંચાયતમાં સમીર મોદી, કોંગ્રેસમાં ભગવાન ભરવાડ, આપમાં રેખાબેન સંગાણી, ઉંભેળ જિલ્લા પંચાયતમાં બિરેન રાઠોડ અને અપક્ષ છનાભાઈ રાઠોડ, નવાગામ જિલ્લા પંચાયતમાં ભાજપમાં ભૂમિકાબેન પટેલ અને આપમાં ધારાબેન રાઠોડ વચ્ચે ચૂંટણી જંગ જામશે.

કામરેજ તાલુકામાં કોંગ્રેસના પ્રમુખ વિપુલ પટેલને મેન્ડેટ બાબતે થયેલી માથાકૂટમાં ઉમેદવારીપત્રો ખેંચવાના અંતિમ દિને કોંગ્રેસ પક્ષના નવાગામ અને ઉંભેળ જિલ્લા પંચાયત બેઠક તેમજ ડુંગરા, સેવણી, કામરેજ-1, ઉંભેળ, વાવ, શામપુરા, કોસમાડા, નવાગામ-1 બેઠકો મળી કુલ તાલુકા અને જિલ્લા પંચાયતની મળી કુલ 10 બેઠક પર ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચી લીધી હતી.

## ઓલપાડમાં તા.પં. પર ભાજપનો કબજો: ૨૪માંથી ૧૩ બિનહરીફ

**જિ.પં.ની** પાંચમાંથી ત્રણ બેઠક બિનહરીફ

**ઓલપાડ** તાલુકા કોંગ્રેસ પ્રમુખ અશોક પટેલ અને પત્નીએ ખુદ ફોર્મ ખેંચી લીધું

### ઓલપાડ તાલુકા કોંગ્રેસ પ્રમુખ અશોક પટેલ છ વર્ષ માટે કોંગ્રેસમાંથી સસ્પેન્ડ

તાલુકા કોંગ્રેસના ઉમેદવારોને જીતાડવાની જવાબદારી જેના શિરે હતી તેઓ જ ચૂંટણી જંગનું રણ મેદાન છોડી ભાગી જતાં અન્ય ઉમેદવારની હાલત કફોડી થઈ છે. આથી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદ ચૌધરીએ અશોક પટેલને છ વર્ષ માટે સસ્પેન્ડનો કોરડો વિંઝી કોંગ્રેસના રાજકારણમાંથી ઘરે બેસાડ્યા છે.

સાયણ, કીમઃ ઓલપાડ તાલુકામાં મતદાન પહેલા જ કુલ ૨૪ સીટમાંથી ભાજપ પક્ષે ૧૩ સીટ બિનહરીફ થતાં ઓલપાડ તા.પં.ની સત્તા કબજે કરી છે. જ્યારે તાલુકામાં સમાવિષ્ટ સુ.જિ.પં.ની કુલ ૫ સીટ પૈકી ૩ સીટ ઉપર ભાજપ બિનહરીફ કરવામાં સફળ થઈ છે.

સાયણ જિ.પં. સીટના ભાજપ ઉમેદવાર બ્રિજેશ ભગવતીભાઈ પટેલ સામે કોંગ્રેસના ઉમેદવાર મુકેશ નાથુભાઈ પટેલે ઉમેદવારી ખેંચી લેતાં બ્રિજેશ પટેલ બિનહરીફ વિજેતા થયા હતા. જ્યારે કીમ જિ.પં.સીટ પરથી ભાજપ ઉમેદવાર અનુબેન જયેશભાઈ દેસાઈ તથા મોર જિ.પં. સીટ ભાજપ ઉમેદવાર ભાવનાબેન રાકેશભાઈ પટેલ બિનહરીફ થયાં હતાં. ઉપરાંત ઓલપાડ તા.પં.ની કુલ ૨૪ સીટ પૈકી સાયણ-૧, સાયણ-૨, સાયણ-૩, અરિયાણા, બરબોધન, પિંજરત, માસમા, કીમ-૧, વડોલી, કદરામા, કુડસદ-૨ સીટ પરથી કોંગ્રેસ તથા કેટલીક બેઠક ઉપર 'આપ'ના ઉમેદવારો ખસી જતાં ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા થયા હતા. તા.પં.ની કુડસદ-૧ સીટ ઉપર ઉમેદવારી કરનાર ઓલપાડ તાસુકા કોંગ્રેસ પ્રમુખ અશોક રણછોડજી પટેલ તથા પત્ની સંગીતોબેન પટેલે તા.પં.ની સરોલી સીટ પરથી બપોરે ઉમેદવારી પરત ખેંચતાં આ બંને સીટ બિનહરીફ થતાં ભાજપમાં ખુશી જોવા મળી હતી. હવે આગામી રવિવાર, તા.૨૬ના રોજ ઓલપાડ તાલુકાની સાંધીએર, કીમ-૨, મુળદ, દાંડી, મોર, ટકારમા, સરસ, સિવાણ, કરંજ, ઓલપાડ-૧ અને ઓલપાડ-૨ મળી કુલ ૧૧ સીટ ઉપર ચૂંટણી મતદાન થશે. જ્યારે સુ.જિ.પં.ની ઓલપાડ તાલુકામાં સમાવેશ પિંજરત અને ઓલપાડ જિ.પં. સીટ ઉપર ચૂંટણી મતદાન યોજાશે.



ઈબ્રાહીમ કાનુ

## કોસંબા બેઠકના ઉમેદવારે ફોર્મ ખેંચતાં કોંગ્રેસનો ઉગ્ર વિરોધ

**પોલીસ** અને ભાજપ પર લોકશાહીની હત્યાનો આરોપ લગાવ્યો

હથોડાઃ સુરત જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોસંબા સીટ પર ફોર્મ ભરનાર કોંગ્રેસી મહિલા ઉમેદવાર ગઈકાલે ગુમ થઈ ગયા બાદ બુધવારે ઉમેદવારી પત્ર પરત ખેંચવા આવતાં કોસંબા સહિત માંગરોળ તાલુકાના કોંગ્રેસના કાર્યકરોએ કારનો પીછો કરતાં પોલીસે કોંગ્રેસ કાર્યકરોને અટકાવતાં કાર્યકરોએ આક્રોશ સાથે વિરોધ પ્રદર્શિત કરી પોલીસ અને ભાજપ ઉપર લોકશાહીની હત્યાનો આરોપ લગાવ્યો હતો.

કોસંબા જિલ્લા પંચાયત બેઠકનાં કોંગ્રેસ ઉમેદવાર સુશીલાબેન પતિ સુરેશભાઈ વસાવા સાથે ગઈકાલે ગુમ થઈ જતાં પરિવારજનો અને કોંગ્રેસના પ્રમુખે કોસંબા પોલીસ મથકમાં ફરિયાદ આપી અપહરણ થયાની શંકા વ્યક્ત કરી હતી. અને કોંગ્રેસના ઉમેદવારોની ઉમેદવારી પરત ખેંચાવવા સત્તાધારી પક્ષ દ્વારા કારસો રચાયો હોવાનો આરોપ પણ લગાવ્યો હતો. બાદ બુધવારે કોંગ્રેસના ઉમેદવારને ઉમેદવારી પત્ર પરત ખેંચાવવા માટે લાવવામાં આવશે તેવો અંદાજ હોવાથી સવારથી જ કોસંબાની પીઢ કોંગ્રેસી મહિલા અને કોસંબા પંચાયતની સરપંચ યાસ્મીન ફેશલ દાઉદજી અને તેની કોંગ્રેસી ટીમ તેમજ માંગરોળ તાલુકા ના કોંગ્રેસ પ્રમુખ વિરેન્દ્રસિંહ ખેર અને કોંગ્રેસના આગેવાનો પોતાના ઉમેદવારને ઉમેદવારી પરત ખેંચતાં અટકાવવા માટે તાલુકા પંચાયત અને મામલતદાર કચેરી ખાતે ભેગા થયા હતા. આ સમયે કચેરી સામે ભાજપ પક્ષના કાર્યકરોની છાવણી જોવા મળી હતી. ત્યારે અચાનક ફિલ્મી સ્ટાઇલે બ્લેક કલરની કારમાં ઉમેદવારોને લાવવામાં આવતાં કોંગ્રેસના કાર્યકરોએ આ કારનો પીછો કરતાં પોલીસે અટકાવી કચેરીનો ગેટ બંધ કરી દેતાં કાર્યકરોએ પોલીસને આજીજી કરી હતી અને અમારા ઉમેદવારો તેઓની મરજીથી ઉમેદવારી પત્ર ખેંચતા હશે તો અમારો કોઈ વિરોધ નથી. અમારા ઉમેદવારોને મળવામાત્ર પાંચ મિનિટનો સમય આપો, પરંતુ 30 મિનિટ સુધી પોલીસે કાર્યકરોને અટકાવી રાખતાં કાર્યકરોએ ભારે સૂત્રોચ્ચાર દેખાવો અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. અને કાયદાના રક્ષકો જ ભક્ષકો બન્યાનો સીધો આરોપ ખાખી વર્દી પર લગાવ્યો હતો.

## પલસાણામાં ભાજપે ચૂંટણી પહેલા જ 1 જિ.પં. અને 5 તાલુકાની બેઠક મેળવી

પલસાણાઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના બ્યુગલ ફુંકાયા બાદ પલસાણા પંથકમાં મતદાન પ્રક્રિયા શરૂ થાય એ પૂર્વે જ જિલ્લા પંચાયતની એક અને તાલુકા પંચાયતની પાંચ બેઠક પર ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થતાં કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સુરત જિલ્લા પંચાયતની પલસાણા બેઠક ઉપર ઉમેદવાર તેજસભાઈ દેસાઈએ બિનહરીફ જીત મેળવી ભાજપનું ખાતું ખોલાવ્યું છે. ઉપરાંત તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠક પૈકી ૫ બેઠક પર ભાજપનો વિજયી પ્રારંભ થયો છે. વિજેતા ઉમેદવારોમાં અંત્રોલી-૨ બેઠક પરથી મિતાલીબેન પટેલ, પલસાણા-૨ બેઠક પરથી બિનલકુમારી આહીર, બલેશ્વર-૧ બેઠક પરથી અફરોજાબાનુ પઠાણ, પલસાણા-૧ બેઠક પરથી ગાયત્રીબેન રાઠોડ અને વરેલી-૧ બેઠક પરથી નેહાબેન રાઠોડનો સમાવેશ થાય છે. હરીફ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતાં આ બેઠકો બિનહરીફ જાહેર કરવામાં આવી હતી. વરેલી-૧ બેઠક પર તો ફોર્મ ચકાસણીના દિવસે જ અન્ય કોઈ પ્રતિસ્પર્ધી ન હોવાથી પરિણામ સ્પષ્ટ થઈ ગયું હતું.

તમામ વિજેતા પ્રતિનિધિઓને ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર, સુરત જિલ્લા સંગઠનના મહામંત્રી અંકુર દેસાઈ, સંગઠનના ઉપપ્રમુખ મોહનભાઈ આહિર, કમલેશ નાયક (સાકી), ચલથાણ સુગરના પ્રમુખ કેતનભાઈ પટેલ તેમજ તાલુકા સંગઠનના વિવિધ હોદ્દેદારોએ મોટી સંખ્યામાં તાલુકા ભાજપ કાર્યાલય ઉપર ભેગા થઈ ફટાકડા ફોડી મીઠાઈ ખવડાવી તમામ ઉમેદવારોને શુભકામના પાઠવી હતી.

## કુકરમુંડામાં તા.પં.ની 16 બેઠકમાંથી ફૂલવાડી-1 બેઠક ઉપર અપક્ષે ફોર્મ ખેંચ્યું

કુકરમુંડાઃ કુકરમુંડા તાલુકા પંચાયતની કુલ 16 બેઠકમાંથી ફૂલવાડી-1 બેઠક પર અપક્ષ ઉમેદવાર ચિરાગભાઈ ચંદનભાઈ પાડવીએ પોતાનું ઉમેદવારી ફોર્મ પાછું ખેંચતાં આ બેઠક પર હવે ત્રિકોણીય જંગ જામ્યો છે. ફૂલવાડી-1 બેઠક પર ભાજપના અનિલભાઈ પાડવી, કોંગ્રેસના પ્રકાશભાઈ પાડવી અને આપના સુરેશભાઈ વસાવે વચ્ચે સીધી ટક્કર જોવા મળશે. અન્ય બેઠકો પર પણ ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે કડક સ્પર્ધા ઊભી થઈ છે.

## બારડોલી નગર પાલિકામાં ભાજપ બે બેઠક પર બિનહરીફ

બારડોલીઃ બારડોલીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ગરમાવા વચ્ચે એક મોટો રાજકીય ઉલટફેર જોવા મળ્યો છે. ફોર્મ ખેંચવાના આખરી દિવસે સમીકરણો બદલાતાં ભાજપેબારડોલી નગરપાલિકામાં ચૂંટણી પહેલા જ બે બેઠક પર કબજો જમાવી વિજયી ગણેશ કર્યાં છે. આ જીતને પગલે ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ ફેલાયો છે. ઘટનાક્રમ મુજબ ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે કોંગ્રેસના ત્રણ અને આપના એક ઉમેદવારે પોતાનાં નામો પરત ખેંચ્યાં હતાં. વોર્ડ નં.2માં કોંગ્રેસના એસસી અનામત બેઠકના ઉમેદવાર પરેશ સિંહલે ઉમેદવારી પાછી ખેંચતાં ભાજપના શૈલેષ રાઠોડ બિનહરીફ વિજેતા જાહેર થયા છે. આશ્ચર્યજનક રીતે, વોર્ડ નં.8માં પરેશ સિંહલનાં પત્ની શિવાંગી સિંહલે પણ ઓબીસી અનામત બેઠક પરથી ફોર્મ પરત ખેંચી લેતાં ભાજપના ઉમાબેન પ્રજાપતિ બિનહરીફ ચૂંટાયાં છે. ઉપરાંત વોર્ડ નં.7માંથી કોંગ્રેસના ધીરુભાઈ પટેલ અને વોર્ડ નં.6માંથી આપના બદરે આલમે પણ મેદાન છોડ્યું છે. કોંગ્રેસ પ્રમુખ કિરણ લાકડાવાલાને વિશ્વાસમાં લીધા બાદ સિંહલ દંપતીએ અચાનક છેલ્લી ઘડીએ ફોર્મ ખેંચી લેતાં પક્ષ સાથે દગો થયાની લાગણી વ્યાપી છે. કોંગ્રેસના પાયાના કાર્યકરોમાં આ પ્રકારની દગાખોરી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

Federal Bank

ફેડરલ બેંક લિમિટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫, ઈમેલ : ahdlcrd@federalbank.co.in

માનનીય એડીશનલ ચીફ જુડીશીયલ મેજીસ્ટ્રેટ, માંગરોળ, જીલ્લો - સુરત, તા. ૦૫.૦૩.૨૦૨૬ ના રોજ ઓર્ડર નં. CRMA ૭૩/૨૦૨૬ મુજબ પ્રત્યક્ષ કબજો

આથી, **ફેડરલ બેંક લિમિટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા નિયમ ૩ અંતર્ગત તા. **૩૦/૦૬/૨૦૨૫** ના રોજ ઉધારકર્તાઓ / સહ - અરજદારો / કાયદેસરના વારસદારો : (૧). **શ્રી લીંબાણી હરેશભાઈ S/o જીવરાજ લીંબાણી @ જીવરાજભાઈ લીંબાણી, (એ).** ફ્લેટ નં. ૨૦૩, બીજો માળ, વ્હાઈટ પેલેસ, ઉત્રાણ પાવર હાઉસ, મોટા વરાછા, સુરત, ગુજરાત - ૩૯૪૧૦૧, **(બી).** બી/૧૦, ૧૧, રૂપાલી સોસાયટી, પી પી સવાણી સ્કુલ, સુરત સીટી, સુરત, વરાછા રોડ, ગુજરાત - ૩૯૫૦૦૬, (૨). **શ્રીમતી લીંબાણી હેતલબેન હરેશભાઈ W/o લીબાણી હરેશભાઈ, (એ).** ફ્લેટ નં. ૨૦૩, બીજો માળ, વ્હાઈટ પેલેસ, ઉત્રાણ પાવર હાઉસ, મોટા વરાછા, સુરત, ગુજરાત - ૩૯૪૧૦૧, **(બી).** બી/૧૦, ૧૧, રૂપાલી સોસાયટી, પી પી સવાણી સ્કુલ, સુરત સીટી, સુરત, વરાછા રોડ, ગુજરાત - ૩૯૫૦૦૬, નીચે મુજબ નોટીસમાં દર્શાવેલ રકમ, જે બેંકની **કુંભારીયા શાખા** માં જાળવવામાં આવેલા ખાતાઓમાં તમારી પાસેથી સંયુકત રીતે અને અલગ અલગ રીતે બાકી છે, તે નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નીચે જણાવેલ રકમ ચુકવવા જણાવેલ હતું.

| લોન એકાઉન્ટ | બાકી લ્હેંણી રકમ |
|---|---|
| ફેડરલ હાઉસીંગ લોન (૨૦૬૩૭૩૦૦૦૦૦૭૬૨) | રૂા. ૬,૪૬,૪૨૬/- (રૂા. છ લાખ છેત્તાલીસ હજાર ચારસો છવ્વીસ પુરા) તા. ૨૨.૦૬.૨૦૨૫ ના સુધી |
| હોમ પ્લસ ટોપ અપ ઈકિવીટી લોન (૨૦૬૩૭૬૦૦૦૦૨૧૭૯) | રૂા. ૨,૪૦,૮૩૮/- (રૂા. બે લાખ ચાલીસ હજાર આઠસો આડત્રીસ પુરા) તા. ૨૨.૦૬.૨૦૨૫ ના સુધી |
| કુલ - રૂા. ૮,૮૭,૨૬૪/- | |

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૧૨.૦૪.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો કબજો લઈ લીધેલ છે. "સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓ / સહ - અરજદાર / કાયદેસરના વારસદારોનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે." (મુકરર મિલકતો). ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **ફેડરલ બેંક લિમિટેડ** ની બાકી રકમ **રૂા. ૯,૩૬,૬૧૩/- (રૂા. નવ લાખ છત્રીસ હજાર છસ્સો તેર પુરા)** નીચે જણાવ્યા મુજબ બોજાને આધિન રહેશે.

| લોન એકાઉન્ટ | તા. ૧૨.૦૪.૨૦૨૬ ના સુધી બાકી લ્હેંણી રકમ |
|---|---|
| ફેડરલ હાઉસીંગ લોન (૨૦૬૩૭૩૦૦૦૦૦૭૬૨) | રૂા. ૬,૯૧,૫૦૩/- (રૂા. છ લાખ એકાણું હજાર પાંચસો ત્રણ પુરા) |
| હોમ પ્લસ ટોપ અપ ઈકિવીટી લોન (૨૦૬૩૭૬૦૦૦૦૨૧૭૯) | રૂા. ૨,૪૫,૧૧૦/- (રૂા. બે લાખ પિસ્તાલીસ હજાર એકસો દસ પુરા) |
| કુલ - રૂા. ૯,૩૬,૬૧૩/- | |

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો ફલેટ નં. એ/૩૦૨, ક્ષેત્રફળ ૧૨૦૦ સ્કે.મી., સ્તવન રેસીડેન્સી એપાર્ટમેન્ટ, તમામ સુવિધાઓ સાથે, આર.એસ. નં. ૬૪૯ અને ૬૫૦, ગામ - તરસાડી, તાલુકો - માંગરોળ, સુરત, રાજય - ગુજરાત - ૩૯૨૨૨૫. **ચતુઃસીમા :- પૂર્વે :** ખુલ્લો એરીયા, **પશ્ચિમે :** સોસાયટી રોડ, **ઉત્તરે :** બિલ્ડીંગ નં. બી, **દક્ષિણે :** રોડ.

**તારીખ : ૧૨.૦૪.૨૦૨૬, સ્થળ : સુરત** — **અધિકૃત અધિકારી, ફેડકલ બેંક લિમિટેડ**

Federal Bank

ફેડરલ બેંક લિમિટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫, ઈમેલ : ahdlcrd@federalbank.co.in

માનનીય એડીશનલ ચીફ જુડીશીયલ મેજીસ્ટ્રેટ, કઠોર, જીલ્લો - સુરત, તા. ૨૪.૦૨.૨૦૨૬ ના રોજ ઓર્ડર નં. CRMA ૨૬૨૬/૨૦૨૫ મુજબ પ્રત્યક્ષ કબજો

આથી, **ફેડરલ બેંક લિમિટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા નિયમ ૩ અંતર્ગત તા. **૨૦.૦૯.૨૦૨૪**ના રોજ ઉધારકર્તાઓ (૧). **શ્રીમતી નયનાબેન અજયભાઈ પરમાર @ પરમાર નયનાબેન અજયકુમાર W/o અજયકુમાર પરમાર,** બંગ્લોઝ નં. ૧, નિરવ પાર્ક સોસાયટી, આકાશ ગંગા સોસાયટીની પાછળ, આઈસીઆઈસીઆઈ બેંક ની પાસે, સેવાશ્રમ રોડ, ભરૂચ, ગુજરાત - ૩૯૨૦૦૧, (૨). **શ્રી અજયકુમાર પરમાર @ અજયકુમાર ધનસુખભાઈ પરમાર D/o ડી પી પરમાર @ ધનસુખભાઈ,** બંગ્લોઝ નં. ૧, નિરવ પાર્ક સોસાયટી, આકાશ ગંગા સોસાયટીની પાછળ, આઈસીઆઈસીઆઈ બેંક ની પાસે, સેવાશ્રમ રોડ, ભરૂચ, ગુજરાત - ૩૯૨૦૦૧, ને નીચે મુજબ નોટીસમાં દર્શાવેલ રકમ, જે બેંકની **ભરૂચ શાખા** માં જાળવવામાં આવેલા ખાતાઓમાં તમારી પાસેથી સંયુકત રીતે અને અલગ અલગ રીતે બાકી છે, તે નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નીચે જણાવેલ રકમ ચુકવવા જણાવેલ હતું.

| લોન એકાઉન્ટ અને નંબર | બાકી રકમ |
|---|---|
| FHS Loan (14707300001934) | રૂા. ૮,૪૮,૯૭૨/-, તા. ૦૮.૦૯.૨૦૨૪ સુધી |
| હોમ પ્લસ પ્રોપર્ટી પાવર લોન (14707600000354) | રૂા. ૩,૨૭,૧૮૮/-, તા. ૦૧.૦૯.૨૦૨૪ સુધી |
| કુલ | રૂા. ૧૧,૭૬,૧૬૦/- |

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૧૨.૦૪.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો કબજો લઈ લીધેલ છે. "સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓ / સહ - અરજદાર / કાયદેસરના વારસદારોનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે." (મુકરર મિલકતો). ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **ફેડરલ બેંક લિમિટેડ** ની બાકી રકમ **રૂા. ૧૪,૬૦,૯૫૩/- (રૂા. ચૌદ લાખ સાઈઠ હજાર નવસો ત્રેપન પુરા)** નીચે જણાવ્યા મુજબ બોજાને આધિન રહેશે.

| લોન એકાઉન્ટ અને નંબર | તા. ૧૨/૦૪/૨૦૨૬ થી બાકી રકમ |
|---|---|
| FHS Loan (14707300001934) | રૂા. ૧૦,૨૮,૩૪૬/- |
| હોમ પ્લસ પ્રોપર્ટી પાવર લોન (14707600000354) | રૂા. ૪,૩૨,૬૦૭/- |
| કુલ | રૂા. ૧૪,૬૦,૯૫૩/- |

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સા સાથેનો ફલેટ નં. ૨૦૫, સુપર બિલ્ટ અપ એરીયાનું આશરે ક્ષેત્રફળ ૯૧૬.૪૫ સ્કે. ફીટ. એટલે કે ૮૫.૧૪ સ્કે.મી. અને બિલ્ટ અપ એરીયાનું આશરે ક્ષેત્રફળ ૫૯૨.૬૬ સ્કે. ફીટ. એટલે કે ૫૫.૦૬ સ્કે.મી., બીજો માળ, બિલ્ડીંગ નં. સી-૧૫, અવિભાજીત હકક અને હિસ્સા સાથેની જમીન, માનસરોવર રેસીડેન્સી ના નામનો અને જાણીતી બિલ્ડીંગનું કોમ્પ્લેક્ષ, બાંધકામ કરેલ જમીનનો રેવન્યુ સર્વે નં. ૫૫૦/એ, આર.એસ. નં. ૯૮૩, મોજે ગામ - કઠોર, તાલુકો - કામરેજ, જીલ્લો - સુરત. **ચતુઃસીમા :- પૂર્વે :** સોસાયટી રોડ, **પશ્ચિમે :** ડી-૨૩, **ઉત્તરે :** સીઓપી ની મિલકત, **દક્ષિણે :** સી-૧૯.

**તારીખ : ૧૨.૦૪.૨૦૨૬**
**સ્થળ : સુરત**
**અધિકૃત અધિકારી, ફેડકલ બેંક લિમિટેડ**